

સ્વ. પી. સી. શાહ

ગુજરાતના અગ્રણી ગ્રંથાલય વૈજ્ઞાનિક સ્વ. પ્રવીણભાઈ શાહ (૧૯૩૧-૨૦૧૫) પ્રતિભાસંપન્ન ગ્રંથાલયી તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. અટિરામાં પોતાના કાર્યકાળ (૧૯૬૩-૧૯૯૭) દરમિયાન **NICTAS**ની સ્થાપના અને તેને સફળતાપૂર્વક કાર્યાન્વિત કરી ટેક્ષ્ટાઇલ અને અન્ય સંબંધિત ઉદ્યોગ સાહસિકોને ઝડપથી માહિતી સેવા પૂરી પાડી હતી, જેના થકી કેટલાક ઉદ્યોગગૃહોએ જીવતદાન, સમૃદ્ધિ, અમર્યાદ વિકાસ સાધવા ઉપરાંત કોઈ વ્યક્તિએ અસાધ્ય બીમારીમાંથી મુક્તિ પણ મેળવી હતી. તેમણે ટેક્ષ્ટાઇલ અને આનુષંગિક માહિતી સેવાઓ અને ઉત્પાદનો માટે વિકસાવેલ 'ઇન્ડિયન માર્કેટિંગ મૉડલ' એ તેમની નોંધપાત્ર ઉપલબ્ધિ છે. વ્યવસાયે પ્રૅક્ટિસિંગ લાઇબ્રેરિયન, પરંતુ ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓ દ્વારા ગ્રંથાલય વિજ્ઞાનના મુલાકાતી અધ્યાપક તરીકે નિમંત્રિત થતાં તેમણે અધ્યાપકીય નિષ્ઠા અને સજ્જતાનાં કરાવેલ દર્શન તેમનામાં રહેલ એક અણિશુદ્ધ શિક્ષકને ઉજાગર કરે છે. પ્રાપ્ત વ્યાવસાયિક ફરજો ઉપરાંત ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસને સ્વધર્મ તરીકે સ્વીકારીને 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' (૧૯૭૬)ની સ્થાપનામાં સક્રિય રસ લઈને પ્રારંભમાં તેના મંત્રી અને છેલ્લા બે દશકથી પ્રમુખ તરીકે ઉદાહરણસ્વરૂપ સેવાઓ પૂરી પાડી હતી. અટિરામાંથી નિવૃત્તિ બાદ એડીનેટના ડાયરેક્ટર (૨૦૦૦-૨૦૦૫) તરીકે ઉલ્લેખનીય સેવાઓ આપ્યા બાદ અવસાન પૂર્વેનાં છેલ્લાં બે વર્ષથી વિશ્વકોશ ટ્રસ્ટમાં લાઇબ્રેરી એડવાઇઝર તરીકે કોઈ પણ પ્રકારનું વેતન લીધા સિવાય સેવાઓ આપતા હતા. અહીં તેમણે ગ્રંથાલય સેવાઓ તથા ટ્રસ્ટની અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓના આયોજનમાં પોતાની મૌલિક સૂઝ અને પ્રતિભા થકી એક દૃષ્ટિપૂત અને પ્રતિબદ્ધ ગ્રંથાલયી શું કરી શકે તે ચરિતાર્થ કરી બતાવ્યું હતું. તેઓશ્રી અનેકવિધ રાષ્ટ્રીય સંસ્થાઓમાં બહુમૂલ્ય ઍવૉર્ડ્સથી વિભૂષિત હતા.

## ગ્રંથાલય સેવાઓ અને સામાજિક વિકાસ

'માહિતી' એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે. કોઈ પણ કાર્યની શરૂઆત કરવી હોય તો માહિતીની ઉપલબ્ધિ વિના શક્ય નથી. મહત્ત્વના નિર્ણય લેવા હોય, નીતિનું ઘડતર કરવું હોય, નાના-મોટા ઉદ્યોગો શરૂ કરવા હોય, તેમાં ફેરફારો કરવા હોય, અભ્યાસક્રમોમાં પરિવર્તન લાવવું હોય, નવા અભ્યાસક્રમો શરૂ કરવા હોય, આર્થિક-સામાજિક કે સાંસ્કૃતિક વિકાસનાં કાર્યો કરવાં હોય, દરેક પ્રકારનાં કાર્યોની શરૂઆત કરતાં પહેલાં તેને સંબંધિત તમામ માહિતી પ્રાપ્ત કર્યા વિના એ કાર્યો સફળતાપૂર્વક કરવાં શક્ય નથી.

આજના ઈન્ટરનેટના યુગમાં માહિતી પ્રાપ્ત કરવાનું સરળ બન્યું છે. દરેક માહિતી જાણે આંગળીના ટેરવે છે. પરંતુ સરળતાથી પ્રાપ્ત થતી માહિતી કેટલી સાચી છે તેમજ એ માહિતી કેટલી અધિકૃત છે એની ખાતરી કરવાનું કાર્ય માહિતીકેન્દ્રોનું છે.

ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો જ્ઞાન અને માહિતીનાં પ્રવેશ દ્વારો છે. દેશના સામાજિક-સાંસ્કૃતિક-આર્થિક વિકાસની જવાબદારી ગ્રંથાલયોની પણ છે. ઈન્ટરનેટ પરથી સરળતાથી માહિતી પ્રાપ્ત થતાં ગ્રંથાલયો પ્રત્યે પ્રજાનું વલણ સકારાત્મક બને તે ગ્રંથપાલોએ જોવાનું રહેશે. મૂલ્યવાન સેવાઓ પૂરી પાડીને સમાજમાં ગ્રંથાલય અને માહિતી કેન્દ્રનું મહત્ત્વ-મૂલ્ય યથાવત્ જળવાય તે જોવાની જવાબદારી સ્વીકારવાની છે. પરિવર્તન પામતા સમય સાથે-સમાજની માંગ મુજબ સેવાઓ પૂરી પાડીને સાચા અર્થમાં જ્ઞાનના વાહક બની રહેવાનું છે. એટલે જ 'ગ્રંથાલય સેવાઓ દ્વારા સામાજિક વિકાસ'ની દિશામાં નક્કર કાર્યો કરવાની જરૂર જણાય છે. આ વિષય સંબંધે વક્તાઓ સાંપ્રત સમાજનાં વિવિધ ક્ષેત્રો જેવાં કે એડવર્ટાઇઝિંગ અને માર્કેટિંગ કે દિવ્યાંગોની જરૂરિયાત, ઉદ્યોગ, ગ્રામીણ વિકાસ વગેરેમાં માહિતી ક્ષેત્રોને સક્ષમ કરવાના પ્રયાસો પર પ્રકાશ પાડવાનો વિનમ્ર પ્રયાસ છે.

## Registration Form

First Name (Surname first) ________________

________________________________________

Designation : ____________________________

Organization : ___________________________

Address : _______________________________

________________________________________

________________________________________

Phone (R) : ______________ (O) __________

(M) : ___________________________________

Email: __________________________________

Demand Draft/Cheque No. : ______________

For Rs.__________ drawn on ______________

_________________________ Bank is enclosed.

Date: / /2016 **Signature**

**Last date for Registration : February 22, 2016**

# eRegistration

Payment can be made either in cash or through Demand Draft/cheque drawn in favour of "ADINET" payable at Ahmedabad

A token registration fee of Rs. 100/- will be charged to enable us to make the necessary arrangements.

**Last date for Registration February 22, 2016.**

The duly filled in registration forms should be sent to :


Ms. Rhoda R. Bharucha
Hon. Director
Ahmedabad Library Network (ADINET)
C/o Sadvichar Parivar
Ramdevnagar
Satellite Road, Ahmedabad-380 015.
**Telephone 26860730**

**OR**

Gujarat Vishvakosh Trust
Near Ramesh Park, Vishvakosh Road,
Usmanpura, Ahmedabad – 380 013.
**Telephone 1: +9179 27551703;**
**Telephone 2: +9179 27552908**


# Programme Outline

| | |
|---|---|
| 10.00 to 10.30 | Registration |
| 10.30 to 10.40 | Prayer and Lighting of Lamp |
| 10.40 to 10.50 | Dr. Kumarpal Desai<br>Welcome |
| 10.50 to 11.10 | Shri Manibhai Prajapati<br>Shri P. C. Shah 's Life & Work |
| 11.10 to 11.30 | Mrs Rhoda R Bharucha<br>About ADINET & Creation of Database |
| 11.30 to 12.10 | Dr. Shailesh Yagnik<br>Importance of Information for Social Development & for Advertising and Marketing |
| 12.10 to 1.00 | Guest Speakers<br>Shri P. K. Lahiri, Dr. Pankaj Shah, Dr. Kaushik Shah |
| 1.00 to 1.10 | Shri Pankaj Bavishi<br>Vote of Thanks |
| 1.10 to 2.00 | Lunch |
| 2.00 to 2.30 | Dr. Manish Pandya<br>Information Needs for Literature |
| 2.30 to 3.00 | Dr. Shreyasi Parikh<br>Need for Inclusive Libraries |
| 3.00 to 4.00 | Smt. Pragnya Pathak<br>Concluding Session |

# Library Services For Social Development

## સામાજિક વિકાસ માટે ગ્રંથાલય સેવાઓ

at

**Gujarat Vishvakosh Trust**
Near Ramesh Park,
Vishvakosh Road, Usmanpura,
Ahmedabad – 380 013.

**February 27, 2016, Saturday**

Organized jointly by
**Ahmedabad Library Network (ADINET),**
**Gujarat Vishvakosh Trust &**
**Gujarat Granthalay Seva Sangh**